પાલનપુરમાં તાલુકા અમલીકરણ અધિકારીની કચેરી બંધ રહેતા ખેડૂતોમાં રોષ....!!!

કચેરીમા વિવિધ યોજના માટે ડોક્યુમેન્ટ જમા કરાવવા આવતા ખેડૂતોને ધક્કા ખાવાની નોબત

પાલનપુર તા.૨૨

પાલનપુરમાં જોરાવર પેલેસ માં સેવા સદન બે પાછળ આવેલ ખેતીવાડી વિભાગ ની તાલુકા અમલીકરણ અધિકારીની કચેરીમા અધિકારીઓ કે કર્મચારીઓ હાજર ન રહેતા આ કચેરી મોટાભાગે બંધ હાલતમાં રહે છે જેને લઈને આ કચેરીમા સરકારી વિવિધ યોજનાના લાભો મેળવવા માટે પોતાના ડોક્યુમેન્ટ જમા કરાવવા આવતા ખેડૂતોને ધરમ ધક્કા ખાવાની ફરજ પડી રહી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, સરકાર દ્વારા ખેડૂતોને વિવિધ યોજના હેઠળ સહાય અને સબસીડી આપવામાં આવે છે. હાલ સરકાર દ્વારા ખેડૂતોને ખેતી લક્ષી ઓજાર ની ખરીદી માટે સબસીડી આપવામાં આવે છે. જોકે પાલનપુર તાલુકામા ખેડૂતોને ઓજાર ની ખરીદી માં સબસીડી મેળવવાં માટે વિવિધ ડોક્યુમેન્ટ પાલનપુરના જોરાવર પેલેસ માં સેવા સદન બે ની પાછળ આવેલ ખેતીવાડી વિભાગ ની તાલુકા અમલીકરણ અધિકારીની કચેરી ખાતે જમાં કરાવવાના હોય છે. પરંતુ અહી તાલુકા અમલીકરણ અધિકારી ને ગ્રામ સેવકો હાજર રહેતા ન હોય આ તાલુકા કક્ષાની કચેરીને તાળું લાગેલું રહે છે જેને લઈ ગ્રામ વિસ્તારમાં થી ઓજાર ની સબસીડી માટે ડોક્યુમેન્ટ જમા કરાવવા આવતા ખેડૂતોને ફોગટના ફેરા પડી રહ્યા છે. ત્યારે આ કચેરીમા ફરજમાં ગુલ્લી મારતા અધિકારીઓ તેમજ કર્મચારી ઓ સામે કાર્યવાહી કરવા માં આવે તેવી ખેડૂતોમાં માંગ ઉઠી છે.

અનરાધાર વરસાદ પછી પાણીજન્ય રોગચાળાનું તાંડવ

સાબરકાંઠામાં ઝાડા-ઊલટીના ૧૨૫૦ કેસ, હોસ્પિટલો, દવાખાનાં દર્દીઓથી ઉભરાયાં : ખાનગી આંકડો ૧૨,૦૦૦ને પાર....!!!!

બાયડ, તા.૨૨

સાબરકાંઠા જિલ્લામાં અનરાધાર વરસાદ પછી પાણીજન્ય રોગચાળાનું તાંડવ સામે આવતાં દવાખાના, હોસ્પિટલો છેલ્લા એક સપ્તાહથી દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. પાછલા ૫૦ દિવસ દરમ્યાન ઝાડા-ઊલટીના સરકારી દફતરે ૧૨૫૦ કેસ નોંધાયા છે. પરંતુ ખાનગી આંકડો ૧૨,૦૦૦થી વધુ હોવાની સંભાવના છે. વરસાદી પાણીના કારણે ઝાડા-ઊલટીના કેસમાં વધારો થયાનું આરોગ્ય તંત્રએ પણ સ્વીકાર્યું છે. આવનારા દિવસોમાં પ્રજા સાવધાની નહીં રાખે તો પાણીજન્ય રોગચાળો વધુ વકરવાની દહેશત સેવાય છે.

મળતી જાણકારી અનુસાર ચોમાસુ આવે એટલે આપોઆપ રોગચાળો વગર નિયંત્રણે આવી જતો હોય છે. ત્યારે આ વર્ષે જૂન મહિનામાં બિપરજાય વાવાઝોડાએ અનરાધાર વરસાદ વરસાવ્યા પછી નિયમિત ચોમાસુ શરુ થયું અને ૩ રાઉન્ડમાં સાબરકાંઠા જિલ્લાના અનેક વિસ્તારો વારંવાર જળબંબાકાર બની ગયા. અગાઉના વરસાદનાં પાણી ઓસર્યાં ન હોય ત્યાં ફરી વરસાદ ખાબકતાં ન ગંદકી વધુ ને વધુ પ્રસરી રહી છે અને તેના કારણે પાણીજન્ય રોગચાળો અટકાવવાના પ્રયાસ થાય તો પણ બેઅસર સાબિત થઈ રહ્યા છે. અવિરત વરસાદના કારણે પાણીજન્ય રોગચાળો વધુ બેકાબુ બની ગયો છે. સરકારી દવાખાના અને સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેતા દર્દીઓની સંખ્યા સરકારી દફતરે નોંધાય છે ત્યારે માત્ર ૫૦ દિવસમાં સરકારી દવાખાના અને હોસ્પિટલોમાં ઝાડા- ઊલટીના ૧૨૫૦ કેસ નોંધાયા હોય તો ખાનગી હોસ્પિટલોમાં આ આંકડો અનેક ગણો હોવાની આશંકા છે. કેટલાક ખાનગી તબીબોએ પણ જણાવ્યું કે છેલ્લા ૧૫ દિવસથી પાણીજન્ય રોગચાળાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. બાળકો પાણીજન્ય રોગચાળામાં સપડાય તો સૌથી વધુ સાવધાની રાખવી જોઈએ અન્યથા બાળકોમાં મૃત્યુનું પ્રમાણ ડી-હાઈડ્રેશનના કારણે વધી જાય છે.

જિલ્લામાં ઝાડા-ઊલટીના કેસ

તાલુકો	૫૦ દિવસમાં નોંધાયેલ કેસ
હિંમતનગર	૨૨૬
ઈડર	૧૯૪
ખેડબ્રહ્મા	૧૯૩
પોશીના	૮૨
પ્રાંતિજ	૧૩૨
તલોદ	૧૮૩
વડાલી	૫૭
વિજયનગર	૧૯૩

પાણીજન્ય રોગચાળાથી બચવા માટે બહારનો ખુલ્લો ખોરાક ખાવાનું ટાળવું જોઈએ, સવાર-સાંજ ઉકાળેલા પાણીનું સેવન કરવું, ઝાડા-ઊલટી થયા હોય તેવા દર્દીને ઓ.આર.એસ. પાવડર કે લીંબુ સરબત આપવા અને ડૉક્ટરનું સતત માર્ગદર્શન લેતા રહેવું જોઈએ. જિલ્લામાં હજુ પણ આગામી ૭૨ કલાક દરમ્યાન અતિભારે વરસાદની આગાહી છે ત્યારે જુલાઈના અંતિમ દિવસોમાં સાબરકાંઠા જિલ્લામાં પાણીજન્ય રોગચાળો વધુ બેકાબુ બનવાની દહેશત સેવાય છે.

ધાનેરામાં આંગણવાડીમાં બાળ વિકાસની ઘણી યોજના છતા અમલ નહીં...!!!!

આંગણવાડીઓમાં બાળકો માટે એક જ સમયનું ભોજન બનાવવામાં આવે છે છતાં તંત્ર મૌન?

ધાનેરા તા.૨૨

રાજ્યની આગામી પેઢીને સ્વસ્થ અને તંદુરસ્ત કરવા અંતર્ગત આંગણવાડીઓમાં પૌષ્ટિક ભોજન આપવાની વિવિધ યોજના પણ ચાલી રહી છે. ત્યારે ધાનેરા તાલુકા માં ઘણી બધી આંગણવાડીઓમાં બાળકોને પુરતું ભોજન મળતું નથી અને એક જ ટાઈમ ભોજન બનાવવામાં આવે છે. તો એક ટાઈમ નું ભોજન નો પુરવઠો ક્યાં જાય છે? આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે, તે પણ તપાસ નો વિષય બને છે .

એક બાજુ સરકાર રાજ્યની આગામી પેઢીને મજબુત કરવા માટે તેમને આંગણવાડી અને પૌષ્ટિક આહાર અપાતો હોવાનો દાવો કરે છે. પરંતુ આંગણવાડીમાં બોળકોને પુરતું ભોજન પણ આપવામાં આવતું નથી તે વાસ્તવિક્તાથી જાણે સરકાર જ નહીં તેના અધિકારીઓ પણ અજાણ હોય તેમ લાગે છે બાળકો માટે વધુ ભોજન ન બનાવવું પડે તે માટે આંગણવાડીઓ માં એક જ ટાઈમ નું ભોજન બનાવવામાં આવે છે.

તેવું લોક મૂખે જાણવા મળેલ છે!!!આંગણવાડીમાં ન તો અધિકારીઓ મુલાકાત લે છે કે ન તો પદાધિકારીઓ પણ આ આંગણવાડીના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં રસ નથી સરકાર પણ જાણે બજેટ આપીને છુટી જતી હોય તેમ ગામોની આંગણાવાડીમાં બેસતા દેશના ભવિષ્ય સામે જોવાની પણ દરકાર કરતા નથી.

તેવી સ્થિતિમાં ધાનેરા શહેરમાં અને તાલુકામાં મોટાભાગની આંગણવાડીઓમાં બાળકોને એક જ ટાઈમ નું ભોજન મળે છે છતાં તંત્ર મૌન જવાબદાર કોણ?

મેઘરજના ડચકા ગામે ખેતરમાં મગર જોવા મળતા વનવિભાગ તંત્રએ રેસ્ક્યુ કરી છોડી મુક્યો

મોડાસા, તા. ૨૨

મેઘરજ તાલુકાના ડચકા ગામના ખેતરમાં મગર ફરતો હોવાની જાણ મેઘરજ વનવિભાગને થતા મેઘરજ મહિલા આરએફઓ જ્યોત્સના ડામોર અને તેમની ટીમ ડચકા ગામમાં પહોંચી ખેતરમાં રહેલા મગરનું રેસ્ક્યુ ઓપરેશન કરી મગરને ઝડપી લીધો હતો અને વાત્રક નદીમાં મગરનો વસવાટ હોવાથી માલપુરની વાત્રક નદીમાં સહી સલામત છોડી દીધો હતો વનવિભાગ તંત્રએ મગરને ઝડપી લેતા ખેડૂતો સહીત ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો

પ્રાંતિજના રામપુરા-નનાનપુર ચોકડી પાસે પીકઅપ ડાલા ચાલકે રીક્ષાને ટક્કર મારી

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના રામપુરા-નનાનપુર ચોકડીપાસે પીકઅપ ડાલા ચાલકે રીક્ષાને ટક્કર મારતા રીક્ષા ચાલક ને ઈજાઓ પોહચી હતી તો રીક્ષા ચાલક ને ૧૦૮ મારફતે પહેલા હિંમતનગર અને વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે ખસેડવામા આવ્યા હતા.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના નનાનપુર ખાતે રહેતા ગણેશભાઇ રત્નાભાઇ વણકર કે જેવો પોતાની સીએનજી રીક્ષા નંબર જી.જે.૦૯.એ. એસ.૩૫૮૭ લઈ ને રામપુરા ચોકડીથી નનાનપુર તરફ આવ્યા હતા તે દરમ્યાન પેટ્રોલપંપ પાસે રોડ ઉપર સામેથી આવતુ પીકઅપ ડાલુ જી.જે.૦૯.એ.યુ. ૮૪૩૫ નો ચાલક પુર ઝડપે હંકારી લાવી સામેથી આવતી રીક્ષાને ટક્કર મારી રીક્ષા ચાલક ગણેશભાઇ ને ઈજાઓ પોહચાડી હતી અને પીકઅપ ડાલા ચાલક અકસ્માત સર્જી પોતાનુ ડાલુ લઈ ને અકસ્માત સ્થળેથી ભાગી ગયો હતો તો ઈજાગ્રસ્ત રીક્ષા ચાલક ને ૧૦૮ મારફતે હિંમતનગર સિવિલ ખાતે લઇ જવામા આવ્યો હતો અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે લઇ જવામા આવ્યો હતો તો રીક્ષા ચાલક ને જડબાનુ ફેકચર કરી તથા માથાના પાછળના ભાગે તથા બંને પગે તથા શરીરે ઓછાવત્તા ઈજાઓ પહોંચાડી પીકઅપ ડાલા ચાલક પોતાનુ ડાલુ લઈ ને ભાગી જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં રીક્ષા ચાલક ની પત્ની રમીલાબેન ગણેશભાઇ વણકર રહે.નનાનપુર તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા દ્વારા પીકઅપ ડાલા નંબર ઉપર થી ડાલા ચાલક વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઇપીસીકલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વાહન અધિનિયમ ૧૭૭,૧૮૪,૧૩૪(b) મુજબ ગુનોનોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

૧૭૫ આચાર્યોની નિયુક્તિ આખરી તબક્કામાં પ્રવેશી

જિલ્લાની બિનસરકારી, અનુદાનિત શાળાઓમાં તા.૫ ઑગષ્ટ પહેલાં આચાર્યની નિયુક્તિ કરવા

આદેશ ૨ દિવસમાં ડી.ઈ.ઓ. લોગીનમાં ઉમેદવારોના કોલ લેટર અપલોડ કરવા સૂચના

બાયડ, તા.૨૨

કમિશ્નર શાળાઓની કચેરી-ગાંધીનગર દ્વારા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારીને તા.૫ ઑગષ્ટ પહેલાં આચાર્યની નિયુક્તિ કરવા આદેશ આપી દેવામાં આવ્યા છે. બે દિવસમાં ડી.ઈ.ઓ. લોગીનમાં ઉમેદવારોના કોલ લેટર અપલોડ કરવાની સૂચના મળતાં જે શાળાઓમાં આચાર્યની ભરતી કરવાની છે તે શાળાઓમાં ભરતીનો ધમધમાટ શરુ થયો છે. તા.૨૭ જુલાઈથી ૫ ઑગષ્ટ સુધી આચાર્યની ભરતી માટેની ઈન્ટરવ્યું પ્રક્રીયા નિયત સ્થળે યોજાવવાનું છે જેમાં ૧૭૫ આચાર્યોની ભરતી કરવામાં આવશે. પ્રાપ્ત જાણકારી અનુસાર પાછલા ૫ વર્ષથી આચાર્યની ભરતી પ્રક્રીયા વિલંબમાં પડી હતી પરંતુ હવે શિક્ષણ વિભાગ દ્વારા રાજ્ય સહિત ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા જિલ્લાની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી માટે ઉમેદવારોના ઈન્ટરવ્યું પ્રક્રીયા શરુ કરવા કમિશ્નર શાળાઓની કચેરીથી આદેશ આપી દેવામાં આવ્યા છે. શાળા પસંદગી સમિતિની રચના અન્વયે શિક્ષણ વિભાગના તા.૨૫-૭-૨૦૧૭ના જાહેરનામાની જોગવાઈને અનુસરવું પડશે અને જે શાળામાં ટ્રસ્ટ અસ્તિત્વમાં ન હોય અને વહીવટદારની નિમણૂંક થયેલ હોય તેવી સ્થિતિઓમાં પસંદગી સમિતિના ઠરાવ મુજબ સમાવેશ કરવામાં આવશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારીને તા.૫ ઑગષ્ટ સુધીમાં ઈન્ટરવ્યું પૂર્ણ થાય તે પ્રકારે આયોજન કરવા સૂચનાની સાથે ઈન્ટરવ્યુંની તારીખો નિયત કરીને ઓનલાઈન પોર્ટલ પર જે તે શાળાના ઈન્ટરવ્યુંની તારીખો ડી.ઈ.ઓ. લોગીનમાં ઓનલાઈન એન્ટ્રી કરવા સૂચના આપવામાં આવી છે. જ્યારે ઉમેદવારોના કોલ લેટર ડાઉનલોડ અને અપલોડ કરવાની પ્રક્રીયા તા.૨૧-૨૨ જુલાઈ એટલે કે આજે નિયત સમયમાં ફરજીયાતપણે પૂર્ણ કરવી પડશે અને સોફ્ટવેરના માધ્યમથી કોલ લેટર જે તે ઉમેદવારના લોગીનમાં ઓનલાઈન મોકલી આપવામાં આવશે જેની જાણ ઉમેદવારોને પોર્ટલ અને એસ.એમ.એસ.થી કરવામાં આવશે. ઈન્ટરવ્યું સમયે ઉમેદવારે ઓનલાઈન કોલ લેટરની પ્રિન્ટ લઈને ઉપસ્થિત રહ્યા પણ જણાવવામાં આવ્યું છે.

બાયડના સર્જનની કેન્દ્રના આરોગ્ય મંત્રાલયમાં સભ્ય તરીકે નિયુક્તિ

બાયડ, તા.૨૨

બાયડના પૂર્વ ધારાસભ્ય ડૉ.મહેન્દ્રભાઈ એસ. પટેલની કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગમાં બિનસરકારી સભ્ય તરીકે નિયુક્તિ થતાં બાયડ-ધનસુરા ઈન્ડીયન મેડીકલ એસોસીએશને તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

સાબરકાંઠા સમગ્ર શિક્ષા આઈ.ઈ.ડી. યુનિટ અંતર્ગત પોક્સો તાલીમ યોજાઈ

બાયડ, તા.૨૨

સાબરકાંઠાના ૧૧૭થી વધુ શિક્ષકોને પોક્સો એક્ટ વિશે તાલીમ અપાઈ. સમગ્ર શિક્ષા આઈ.ઈ.ડી. યુનિટ સાબરકાંઠા આયોજીત સ્પેશ્યલ એજ્યુકેટર અને સ્પેશ્યલ ટીચરની પોક્સો અધિનિયમ-૨૦૧૨ અંતર્ગત તાલીમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- ઈડર ખાતે યોજાઈ. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદભાઈ ચૌધરી, ડાયટ પ્રાચાર્ય કે.ટી.પોરણીયા, કો.ઓર્ડીનેટર કિર્તીસિંહ ચૌહાણ હાજર રહ્યા હતા અને પોક્સો અધિનિયમ-૨૦૧૨ જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ અન્વયે બાળકોને જાતિય હુમલા, જાતિય સતામણી અને અશ્લિલ સાહિત્ય અંગેના ગુનાઓ સામે રક્ષણ આપવા માટે વિશિષ્ટ અદાલતો બાળ અધિકારો અને તેની યોજનાઓ સહિતનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સોમ લલિત સ્કૂલ ખાતે ચેસ સ્પર્ધા સંપન્ન...૧૦૦ વિદ્યાર્થી સ્પર્ધકો એ ભાગ લીધો

તલોદ, તા. ૨૨

સોમ લલિત સ્કૂલ ખાતે આજે ચેસ રસિક વિદ્યાર્થી ઓ માટે ચેસ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું.બાળમાનસ માં છુપાયેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે આમ પ્લેટફોર્મ પૂરું પાડવાનો સંસ્થા નો પ્રયાસ રહ્યો હતો.આ સ્પર્ધા માં કુલ.૧૦૦ વિદ્યાર્થી ઓએ ભાગ લઈને પોતાનું કૌવત અજમાવ્યું હતું. જેમાં ધો.૩ થી ૫ ના :૩૭, ધો.૬ થી ૮ ના '૪૩ અને ધો.૯ થી ૧૨ ના :૨૦ વિદ્યાર્થી સ્પર્ધકો નો સમાવેશ થાય છે. કોચ ઇન્ચાર્જ તરીકે કેલ્વીન પટેલ,અશોક યાદવ અને ફોરમ પટેલ એ ફરજ બજાવી હતી.

પાલનપુર રેલવે સ્ટેશન પર ગૃહસ્થનું પાકીટ મારી ભાગવા જતો શખ્સ ઝડપાયો...

પાલનપુર તા.૨૨

પાલનપુરના રેલવે સ્ટેશન પર મુસાફરો ના મોબાઈલ, પાકીટ સહિતની ચીજ વસ્તુઓની ચીલઝડપના બનાવો વધી રહ્યા છે. જે દરમ્યાન રેલવે સ્ટેશન ની સીડી ઉતરી રહેલા એક ગૃહસ્થના ગજવામાં રહેલ પૈસા ભરેલ એક મની પર્સ ઝૂંટવીને ભાગવા જતા એક ગાઠિયાને સ્થાનિક લોકોએ ઝડપી પાડી મેથીપાક ચખાડી પોલીસને હવાલે કર્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

પાલનપુરના રેલવે સ્ટેશન પર એક મુસાફરના ગજવામાં થી પૈસા ભરેલા મની પર્સ ની ચીલઝડપ કરનાર ગઠિયાને લોકોએ ઝડપી પાડયો છે. જેમાં દિયોદર તાલુકાના ધનકવાડા ગામના અને નિવૃત્ત જીવન ગુજારતા ગૃહસ્થ પરસોતમભાઈ નાનજીભાઈ કાપડી બપોરના સમયે ગાંધીધામ પાલનપુર ટ્રેનમાં ભીલડી થી પાલનપુર રેલવે સ્ટેશન પર આવ્યા હતા અને બહાર નીકળવા સીડી ચડીને નીચે ઉતરી રહ્યા હતા. દરમ્યાન એક ઈસમે તેમના ગજવામાં રહેલ રૂ.૧૪૫૦૦ રોકડ અને જરૂરી ડોક્યુમેન્ટ ભરેલ મની પર્સ ઝૂંટવી ને ભાગવા લાગતા ગૃહસ્થે બૂમાબૂમ કરતા આજુબાજુ થી દોડી આવેલ લોકોએ પાકીટ લઈને ભાગવા જતાં પાલનપુરના બાવરી ડેરા તારા નગર માં રહેતા પ્રેમસિંહ પરમેશ્વર ચોહાણ (બાવરી) ને ઝડપી પાડી તેને રેલવે પોલીસ ને હવાલે કરવામાં આવ્યો હતો. જોકે, પોલીસ દ્વારા આ ગઠિયા ની કડક પૂછપરછ કરવામાં આવે તો રેલવે યાત્રીઓ ના મોબાઈલ સહિત ની ચીજવસ્તુઓ ની ચિલ ઝડપ નો પર્દાફાશ થઈ શકે તેમ હોવાનું લોકોએ જણાવ્યું હતું.

ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ ઢળ્યા

અરવલ્લીમાં ૧૮,૭૦૦ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવ્યાના દાવા

રાસાયણિક દવાઓ, ખાતર વગર પ્રાકૃતિક ખેતીનો વધતો વ્યાપ

બાયડ, તા.૨૨

અરવલ્લી જિલ્લામાં ખેડૂતો ધીરે ધીરે પ્રાકૃતિક ખેતી તરફ ઢળ્યા છે. જિલ્લાના ૬ તાલુકામાં આત્મા પ્રોજેક્ટ તેમજ ખેતીવાડી વિભાગના પ્રયત્નોના કારણે હાલની સ્થિતિએ ૬ તાલુકામાં ૧૮,૭૬૦ ખેડૂતોએ સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી અપનાવી હોવાના દાવા થયા છે. જિલ્લામાં રાસાયણિક દવાઓ અને ખાતરના ઉપયોગ વગર પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે.

ખેતી ક્ષેત્રે આડેધડ રાસાયણિક દવાઓ તેમજ ખાતરના વધુ પડતા ઉપયોગના કારણે ફળદ્રુપ જમીનો કસ વગરની બનતી જાય છે. જ્યારે શરુઆતમાં ખેતીમાં રાસાયણિક દવાઓના ઉપયોગથી ઉત્પાદન વધુ મળતું હોય છે પરંતુ ધીરે ધીરે જમીનો ફળદ્રુપતા ગુમાવતી હોવાના કારણે હવે પ્રાકૃતિક ખેતી માટે રાજ્ય સરકાર દ્વારા અભિયાન શરુ કરવામાં આવ્યું છે. આત્મા પ્રોજેક્ટ અને ખેતીવાડી વિભાગના સહયોગથી ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવાતું હોય છે જેમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા, ધનસુરા, બાયડ, માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકામાં ખેડૂતો સાથે શિબિરો યોજી વિચાર વિમર્સ દ્વારા પ્રાકૃતિક ખેતીની ઉપયોગીતા સમજાવવામાં આવી હતી. જેના કારણે જિલ્લાના ૧૮,૭૨૦ ખેડૂતો હવે કાયમી ધોરણે પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. જિલ્લામાં મોટેભાગે પ્રાકૃતિક ખેતીમાં કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતરો અને દવાઓનો ઉપયોગ કરવામાં આવતો નથી અને પાકમાં દવા છંટકાવની જરુરીયાત ઉભી થાય તો જીવામૃત, લીમડો, આકડો તેમજ અન્ય વનસ્પતિઓના સંયોજનથી છંટકાવનું દ્રાવણ તૈયાર કરી પાકમાં છંટકાવ કરવામાં આવતો હોવાથી ખેતીમાં ઉત્પાદન પણ સારુ મળતું હોય છે. આત્મા પ્રોજેક્ટના ડી.પી.ડી. વિપુલભાઈ પટેલે જણાવ્યું હતું કે જિલ્લામાં ખેડૂતો સાથે તબક્કાવાર રીતે આત્મા પ્રોજેક્ટ દ્વારા તેમજ ખેતીવાડી વિભાગના સહયોગથી ગામડે ગામડે પ્રાકૃતિક ખેતી માટે શિબિરો યોજવામાં આવી જેના ફળસ્વરુપે જિલ્લામાં ધીરે ધીરે પ્રાકૃતિક ખેતીનો વ્યાપક વધી રહ્યો છે.

પાલનપુરમાં રાશનનો જથ્થો ન હોવાથી ગ્રાહકોને ધરમ ધક્કા...

સસ્તા અનાજની દુકાનોમાં ખાંડ અને ચણાનો જથ્થો ન આવતા ગ્રાહકો ધક્કા ખાવા બન્યા મજબૂર

પાલનપુર તા.૨૨

પાલનપુરમાં છેલ્લા એક સપ્તાહથી સસ્તા અનાજની દુકાનો પર ખાંડ અને ચણાનો જથ્થો ન હોઈ રેશનધારકોને ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો હોવાની રાવ ઉઠી છે.

પાલનપુરમાં પંડિત દિન દયાલ ગ્રાહક ભંડાર સસ્તા અનાજની દુકાનો પર દર મહિનાની ૫ તારીખથી રેશનધારકો અનાજનો જથ્થો મેળવવા પહોંચી જતા હોય છે. જોકે, ચાલુ માસે સસ્તા અનાજની દુકાનો પર ખાંડ અને ચણાનો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી ગ્રાહકોને ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જોકે, આ અંગે સસ્તા અનાજના દુકાનદારોનો સંપર્ક કરતા તેઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ગોડાઉનમાં પૂરતો જથ્થો છે. ૨૭૦ જેટલા ખાંડની બોરીઓ પડી છે. જે પાલનપુર શહેર માટે પર્યાપ્ત હોવા છતાં જથ્થો ફાળવાયો ન હોઈ ગ્રાહકો અને દુકાનદારો વચ્ચે ઘર્ષણ થાય છે. ટૂંકમાં ગોડાઉનમાં પૂરતો જથ્થો હોવા છતાં ગોડાઉન મેનેજરની મનમાનીને કારણે સસ્તા અનાજની દુકાનો પર સમયસર જથ્થો ન પહોંચતા રેશનધારકોને ચોમાસાના માહોલમાં પણ હેરાન પરેશાન થવાનો વારો આવ્યો હોવાની બુમરાણ મચી છે. ત્યારે જિલ્લા પુરવઠા અધિકારી સત્વરે દુકાનદારોને પુરવઠો ફળવાય અને રેશનધારકો સુધી સમયસર રાશન પહોંચે તેવી વ્યવસ્થા કરે તેવી માંગ ઉઠી છે.